# દ.ગુજરાતને વાવાઝોડાએ ધમરોળ્યું

**નવસારીમાં** વીજળી ડૂલ થતાં અંધારપટ છવાયો, ચીખલીમાં પણ કેરી સહિત ખેતી પાકને નુકસાનની આશંકા



નવસારી, ઘેજ: નવસારી જિલ્લામાં ગુરુવારે સાંજે અચાનક વાતાવરણમાં થયેલા ફેરફારે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં અસર પેદા કરી છે. તેજ પવન સાથે ઊડેલી ધૂળના કારણે દૃશ્યતા ઘટી જતાં રસ્તાઓ પર અવરજવર મુશ્કેલ બની હતી. લોકોને અચાનક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. નવસારીના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ખેડૂતો માટે આ પરિસ્થિતિ ચિંતાજનક બની છે. નવસારી જિલ્લો કેરી અને ચીકુના ઉત્પાદન માટે જાણીતો હોવાથી તેજ પવનના કારણે પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. તંત્ર દ્વારા વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## બીલીમોરા-ગણદેવી પંથક પણ થંભી ગયો

બીલીમોરા: ગણદેવી, બીલીમોરા પંથકમાં ગુરુવાર સમી સાંજે અચાનક જોરદાર પવન ફૂંકાતા ધૂળની ડમરી ઊડી હતી. અચાનક આવેલા પવનથી માર્ગો પર દૃશ્યતા ઘટી જતા વાહનચાલકો ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકોને રસ્તા કિનારે થંભી જવું પડ્યું હતું. અચાનક બદલાયેલા વાતાવરણને કારણે અનેક વિસ્તારોમાં ધૂળના ગોટા ઉડતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પવનની ગતિ વધુ હોવાને કારણે કેટલાક સ્થળોએ ઝાડની ડાળીઓ તૂટી પડી હતી તેમજ રસ્તાઓ પર ધૂળનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. આ પરિસ્થિતિ વચ્ચે થોડા સમય માટે વીજળી ડૂલ થતાં અંધકાર છવાઈ ગયો હતો.

## ડાંગ જિલ્લામાં પણ અફરાતફરી મચી

સાપુતારા: ડાંગ જિલ્લાનાં સાપુતારા, આહવા, વઘઇ અને સુબિર સહિતનાં વિસ્તારોમાં ગુરુવારે રાત્રિના લગભગ ૭ વાગ્યાના સમયે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવન સાથે વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાતા અનેક ગામડાઓમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘણા ખેતરોમાં કેરી જમીન પર પડી જતાં પાકને મોટા પાયે નાશ થયું હોવાની માહિતી મળી રહી છે. કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠા પર પણ અસર પડી હોવાનું જાણવા મળે છે.

## ખેરગામમમાં છાંટા પડ્યાં, ઘાસચારો બચાવવા પશુપાલકો દોડ્યા

**વલસાડ,** વાપી, દમણમાં પણ જનજીવન ખોરવાયું, વલસાડના પારસીવાડમાં વૃક્ષ તૂટી પડ્યું



વલસાડ, ખેરગામ, દમણ: વલસાડ, વાપી, ખેરગામ, દમણ સહિતના વિસ્તારોમાં ગુરુવારે સાંજ ઢળતાં જ વાતાવરણમાં ઓચિંતા પલટો આવતાં જનજીવન પ્રભાવિત થયું હતું. આકાશમાં કાળાડિબાંગ વાદળોના જમાવડા સાથે ફૂંકાયેલા ભારે પવનને કારણે સર્વત્ર ધૂળની ડમરીઓ ઊડી હતી, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. પવનના સુસવાટા સાથે હળવા છાંટા પડવાનું શરૂ થતાં જ ગ્રામજનોમાં દોડધામ મચી ગઈ હતી. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકો પોતાના પશુઓ માટે રાખેલો ઘાસચારો, લાકડાં અને બળતણ માટેનાં છાણાંને પલળતા બચાવવા માટે મથામણ કરતા નજરે પડ્યા હતા. કાચા અને પતરાંવાળાં મકાનોમાં રહેતા પરિવારોમાં ભારે પવનને કારણે પતરાં ઊડવાનો કે નુકસાન થવાનો ફાળ પડ્યો હતો. કેરીનો પાક અત્યારે મહત્ત્વના તબક્કે છે, ત્યારે વાવાઝોડા જેવા પવનને કારણે આંબા પરથી કેરીઓ ખરી પડવાની ભીતિથી ખેડૂતો ચિંતિત બન્યા છે. ખેતરોમાં ઊભા પાકની લણણી બાકી હોય ખેડૂતોના જીવ અદ્ધર થઈ ગયા છે.

## નવસારીમાં આંગણવાડી બહેનોનો બળવો! 'હક્ક નહીં તો કામ નહીં'

**હડતાળથી** તંત્ર હચમચ્યું, ઉગ્ર આંદોલનની ચેતવણી

**બીજા** દિવસે પણ કેન્દ્રો બંધ, બાળકો પોષણથી વંચિત

નવસારી: નવસારી જિલ્લામાં આંગણવાડી કાર્યકરો હવે સમાધાન નહીં, પણ સંઘર્ષના માર્ગે છે. વર્ષોથી લટકતી માંગણીઓથી કંટાળેલી આંગણવાડી બહેનો "હક્ક નહીં તો કામ નહીં"નો નારો આપી સરકાર સામે ખુલ્લી ટક્કર લીધી છે. તા. 18થી શરૂ થયેલી હડતાળનો આજે બીજો દિવસ હોય, જિલ્લામાં મોટા ભાગના આંગણવાડી કેન્દ્રો તાળાબંધ રહ્યા છે.

આ બંધના સીધા પ્રભાવ હેઠળ નાના બાળકો પોષણક્ષમ આહારથી વંચિત રહ્યા છે, જેનાથી માતા-પિતામાં ચિંતા અને અસંતોષ બંને વધી રહ્યા છે. ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આ સ્થિતિ વધુ ગંભીર બની છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના જણાવ્યા અનુસાર, સરકારને વારંવાર રજૂઆત છતાં કોઈ ઠોસ નિર્ણય લેવાયો નથી. પરિણામે હવે આ લડત 'આરપાર' સુધી લઈ જવાની તૈયારી દર્શાવવામાં આવી છે. તમામ પ્રોગ્રામ ઓફિસર અને CDPOને લેખિત જાણ કરીને સ્પષ્ટ સંદેશ અપાયો છે કે આંદોલન પાછું ખેંચવાનું નથી. સંગઠને તંત્રને પણ ચેતવણી આપી છે કે હડતાળ દરમિયાન કોઈપણ પ્રકારનો ખોરાક કે દૂધનો પુરવઠો ન મોકલવામાં આવે અને કાર્યકરો પર દબાણ ન કરવામાં આવે. નહીં તો આંદોલન વધુ ઉગ્ર બનશે. હાલ નવસારીમાં સ્થિતિ એવી બની છે કે એક બાજુ હક્ક માટે લડતી આંગણવાડી બહેનો અડગ છે, તો બીજી બાજુ નિર્દોષ બાળકોના પોષણ અને આરોગ્ય પર પડતા પ્રભાવને લઈને તંત્ર પર ભારે દબાણ ઊભું થયું છે. હવે પ્રશ્ન એ છે–સરકાર સંવાદ પસંદ કરશે કે સંઘર્ષને વધુ ભડકવા દેશે?

## કુકડા ગામે શખ્સે રસ્તાની કામગીરી અટકાવતા હોબાળો



નિલેશ કાપડિયા

**આખરે** વાંસદા પોલીસ મથકે સમાધાન થયું

વાંસદા: વાંસદાના કૂકડા ગામે પટેલ ફળિયામાં રહેતા આશરે ૨૫૦ જેટલા લોકોને પાકા રસ્તાના અભાવે વર્ષોથી હાલાકી પડી રહી હતી. જેમાં ચોમાસા દરમ્યાન તો બાઈક અને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સએ પણ સ્થળ સુધી પહોંચવું ખૂબજ મુશ્કેલ બની રહ્યું હતું. જેને લઈ સ્થાનિકોમાં વર્ષોથી પાકા રસ્તાની માંગ ઊભી રહી હતી, જે સમસ્યાની ગંભીરતાને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ રસ્તાની મંજૂરી મળતા જેસીબી મશીન લઈ રસ્તો બનાવવા માટે કૂકડા ગામે પહોંચ્યા હતા. આ દરમ્યાન ગામના જ એક વ્યક્તિ દ્વારા કોઈ કારણોસર જેસીબી મશીનના કામમાં અવરોધ ઊભો કરી રસ્તો બનાવવાની કામગીરી અટકાવતા ગ્રામજનોમાં ઉગ્ર બોલાચાલી બાદ વિવાદ સર્જાયો હતો. ગ્રામજનો દ્વારા સમજાવવા છતાં તે કોઈની વાત ન સાંભળતા વિવાદ વધુ વકર્યો હતો અને આખરે સમગ્ર મામલો વાંસદા પોલીસમથક સુધી પહોંચ્યા બાદ સમાધાન થયું હોવાનું જાણવા મળ્યું હતું.

## નવસારીમાં 'વિકાસ'ના ખાડા 'વિપત્તિ'નો પહાડ, લોકો ત્રસ્ત

**ડ્રેનેજ,** પાણી લાઇનના અધૂરા કામથી જનજીવન અસ્તવ્યસ્ત, તંત્રની 15 એપ્રિલની ડેડલાઇન સામે ઊઠ્યા પ્રશ્નો



નવસારી: નવસારી શહેરમાં 'વિકાસ'ના નામે ચાલી રહેલા ડ્રેનેજ અને પાણીલાઇનના કામે શહેરને જાણે મુશ્કેલીઓના જાળમાં ફસાવી દીધું છે. શહેરના મુખ્ય માર્ગોથી લઈને ગલીઓ સુધી, જ્યાં નજર કરો ત્યાં ખોદકામના ખાડા, તૂટેલા રસ્તાઓ અને ઉડતી ધૂળનું સામ્રાજ્ય દેખાઈ રહ્યું છે. પરિણામે, લોકો માટે રોજિંદું જીવન જીવવું પણ પડકાર બની ગયું છે.

વિરાવળથી ટાટા સ્કૂલ, ગ્રીડથી જુનાથાણા, છાપરા રોડ અને મોટા બજાર જેવા વ્યસ્ત વિસ્તારોમાં સ્થિતિ સૌથી વધુ ખરાબ છે. ગટર અને પાણીની લાઇન નાખ્યા બાદ રસ્તાઓનું સમયસર સમારકામ ન થતાં માર્ગો કાદવ અને ધૂળના કૂંડામાં ફેરવાઈ ગયા છે. વાહનચાલકો માટે દરેક મુસાફરી જોખમી બની ગઈ છે, જ્યારે રાહદારીઓ માટે રસ્તા પાર કરવું પણ મુશ્કેલ બની ગયું છે. આ સ્થિતિએ સ્થાનિક વેપારીઓને પણ ભારે અસર કરી છે. ગ્રાહકો ઓછા થતાં ધંધા ઠપ્પ થવાની કગાર પર છે. બીજી તરફ, નાગરિકો વારંવાર રજૂઆત કરી રહ્યા છે, છતાં તંત્ર તરફથી યોગ્ય પ્રતિસાદ મળતો નથી, જેના કારણે લોકોમાં અસંતોષ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. આ વધતા દબાણ વચ્ચે નવસારી મહાનગરપાલિકાના કમિશનરે 15 એપ્રિલ સુધી તમામ કામ પૂર્ણ કરવાની ખાતરી આપી છે. પ્રશ્ન એ છે કે શું આ ડેડલાઇન હકીકતમાં પરિણામ લાવશે ખરી?

## પૂર્ણા નદીમાં ડ્રેનેજનો પ્રવાહ?

**શહેરનું** ગંદું પાણી સીધું નદીમાં જતાં પ્રદૂષણની ભીતિ, નદી બચાવશે કોણ? જવાબદારી નક્કી કરવા માંગ



નવસારી: નવસારી શહેરમાં પૂર્ણા નદીમાં ડ્રેનેજનું ગંદુ પાણી સીધું છોડાતું હોવાના આક્ષેપોને લઈને હવે શહેરમાં ચર્ચા અને ચિંતા બંને વધવા લાગી છે. શહેરના અનેક વિસ્તારોમાંથી નીકળતું ગંદુ પાણી કોઈ યોગ્ય શુદ્ધિકરણ વિના નદીમાં મળતું હોવાની વાતો સામે આવતાં લોકોમાં રોષ અને નિરાશા બંને જોવા મળી રહ્યા છે.

પૂર્ણા નદી નવસારી માટે માત્ર એક જળસ્રોત નથી. વર્ષોથી લોકો તેને "પૂર્ણા માતા" તરીકે પૂજે છે અને નદી પ્રત્યે વિશેષ શ્રદ્ધા ધરાવે છે. પરંતુ હાલ જે રીતે નદીમાં ગંદુ પાણી મળી રહ્યું હોવાની ચર્ચા છે તે જોતા અનેક લોકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે આસ્થા અને વાસ્તવિકતા વચ્ચેનો અંતર હવે સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ શહેરના કેટલાક વિસ્તારોમાં ડ્રેનેજના પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ગંદુ પાણી સીધું નદી તરફ વળી રહ્યું છે. રોજબરોજ લાખો લિટર ગંદુ પાણી નદીમાં જઈ રહ્યું હોવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આ સ્થિતિ યથાવત રહેશે તો નદીનું પાણી વધુ પ્રદૂષિત બનવાની સાથે આસપાસના વિસ્તારના પર્યાવરણ પર પણ નકારાત્મક અસર થઈ શકે છે. પર્યાવરણ સાથે જોડાયેલા લોકોનું માનવું છે કે નદીમાં ગંદા પાણીનો પ્રવાહ અટકાવવો અત્યંત જરૂરી છે. જો સમયસર યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો નદીની સ્વચ્છતા અને પર્યાવરણ બંનેને લાંબા ગાળે નુકસાન પહોંચી શકે છે.

શહેરમાં હવે ચર્ચા ચાલી રહી છે કે ડ્રેનેજના ગંદા પાણીના યોગ્ય નિકાલ અને સંચાલનની જવાબદારી તંત્રની છે. તેથી સંબંધિત વિભાગોએ આ મુદ્દે ગંભીરતાથી ધ્યાન આપી નદીમાં જઈ રહેલા ગંદા પાણીના સ્ત્રોત શોધી તેનો કાયમી ઉકેલ લાવવો જોઈએ.

## ખેરગામ વિસ્તારમાં નદીના પટ પર ગેરકાયદે ઈંટ ભઠ્ઠાઓ અંગે ફરિયાદ

**પરવાનગી** વગર ટેકરાઓ ખોદી માટી કાઢવાના આક્ષેપ

નવસારી: નવસારી: નવસારી નજીક દંડેશ્વર ગામ પાસે આવેલા ખેરગામ વિસ્તારમાં નદીના પટ પર ગેરકાયદે ઈંટ ભઠ્ઠાઓ ચલાવવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ સામે આવી છે. આ મુદ્દે અર્જુનભાઈ ભરવાડે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) સહિત સંબંધિત તંત્રને લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

રજૂઆત મુજબ ખેરગામ વિસ્તારમાં નદીના પટ પર કેટલાક સ્થળોએ કોઈપણ સત્તાવાર પરવાનગી વગર ઈંટ ભઠ્ઠાઓ ચલાવવામાં આવી રહ્યા છે. ઈંટ બનાવવાની પ્રક્રિયામાં નદીના પટમાં હાનિકારક કેમિકલનો ઉપયોગ થતો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે, જેના કારણે પર્યાવરણ અને આસપાસના વિસ્તારો પર નકારાત્મક અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ઈંટ બનાવવા માટે પરવાનગી વગર ટેકરાઓ ખોદીને મોટી માત્રામાં માટી કાઢવામાં આવી રહી છે, જેના કારણે નદીના પટના કુદરતી માળખાને નુકસાન થવાની શક્યતા દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક ભઠ્ઠાઓ પર નાના બાળકો પાસેથી મજૂરી લેવાતી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે, જે કાયદાકીય રીતે ગંભીર બાબત માનવામાં આવે છે. અરજદારે તંત્રને આ સમગ્ર મામલે સ્થળ તપાસ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા તેમજ નદીના પટનું સંરક્ષણ સુનિશ્ચિત કરવાની માંગ કરી છે. રજૂઆતની નકલ લેબર કમિશનર કચેરી, નવસારીને પણ મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## વાંસદાના હુમલા કેસમાં પિતા-પુત્રને 1 વર્ષની સજા

વાંસદા: વાંસદા તાલુકાના રાણી ફળિયા ગામે વર્ષ 2018માં પિતા-પુત્રએ સહિયારી જમીનમાં સેઢા સાફ કરવા બાબતે એકને માર માર્યો હતો, જે અંગે વાંસદા કોર્ટમાં કેસ ચાલી જતાં કોર્ટે બંનેને એક વર્ષની સજા ફટકારી હતી.

વાંસદા તાલુકાના રાણી ફળિયા ગામે રહેતા કનુભાઈ બાવાભાઈ પટેલ (ઉં.વ.60) અને બહાદુરભાઈ બાવાભાઈ પટેલની સહિયારી જમીન આવેલી છે. જ્યાં તા. 11/5/2018 ના રોજ બંને વચ્ચે આ જમીનમાં શેઢા સાફ કરવા બાબતે બોલાચાલી થતાં બહાદુરભાઇ સાથે કનુભાઈ અને તેમના પુત્ર કાર્તિક પટેલએ ગાળાગાળી કરી હતી. આ દરમ્યાન કનુભાઈ પટેલે બહાદુરભાઈના માથામાં કપાળના ભાગે પથ્થર મારી ઈજા કરી હતી. ત્યારે બહાદુરભાઈને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવારની જરૂરિયાત જણાતા હનુમાનબારીની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જે બાબતે વાંસદાની જ્યુડિશિયલ કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલની રજૂઆતના પગલે કોર્ટે કનુભાભાઈ પટેલ અને કાર્તિક પટેલને એક વર્ષની સાદી કોર્ટની સજા ફટકારી હતી.

## ભુલા ફળિયામાં ગોચર જમીન પર ગેરકાયદે દબાણના આક્ષેપ


**મામલો** કલેક્ટર સુધી પહોંચ્યો, નિષ્પક્ષ તપાસની તાત્કાલિક માંગ

નવસારી: નવસારી તાલુકાના ભુલા ફળિયા ગામમાં ગોચર અને ગામતળની કિંમતી સરકારી જમીન પર ગેરકાયદે દબાણના ગંભીર આક્ષેપોએ લોકોમાં ભારે રોષ ફેલાવ્યો છે. જાગૃત નાગરિક દ્વારા તલાટીથી લઈને જિલ્લા કલેક્ટર સુધી ફરિયાદ પહોંચાડતા હવે સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવી ગયો છે.

ફરિયાદ અનુસાર, બ્લોક સરવે નંબર 180 હેઠળ આવતી ગૌચર જમીન પર કેટલાક ઈસમોએ ખુલ્લેઆમ કાયમી મકાનો ઊભા કરી દીધા છે. એટલું જ નહીં, આ જમીન પર દુકાનો બાંધીને ભાડે આપવાનો ધંધો પણ શરૂ કરી દેવામાં આવ્યો હોવાનું ચોંકાવનારું ખુલાસો થયો છે. સૌથી મોટો સવાલ તો એ છે કે આ ગેરકાયદે બાંધકામોને ગામ પંચાયત દ્વારા ઘર નંબર ફાળવવામાં આવ્યા છે, તો શું આ બધું તંત્રની આંખે આડેધડ થયું?

ફરિયાદકર્તા શૈલેષ ડી. પટેલે માંગ કરી છે કે ગૌચર જમીન પર થયેલા તમામ દબાણોને તાત્કાલિક તોડી કાઢવામાં આવે અને જવાબદાર લોકો સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. સાથે જ, આવા ગેરકાયદે મકાનોને વીજળીના કનેક્શન કયા આધારે આપવામાં આવ્યા તે મુદ્દે પણ પારદર્શક તપાસ કરવાની માંગ ઊઠી છે. ઉલ્લેખનીય છે કે ગૌચર જમીન પર દબાણનો મુદ્દો હવે રાજ્ય સ્તરે પણ ગરમાયો છે. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલે છેલ્લા બે વર્ષમાં થયેલા ગૌચર દબાણ અંગે સરકાર પાસે માહિતી માંગતા સરકારે પણ સ્પષ્ટ કહ્યું હતું કે ગેરકાયદે કબજો દૂર કરવામાં આવશે.

## પારનેરા ડુંગર પર ભક્તોનું ઘોડાપૂર, મા શક્તિનો જય જય કાર



*ચૈત્રી નવરાત્રિના પ્રારંભ સાથે વલસાડના પારનેરા ડુંગર ઉપર આવેલ ચંડીકા, અંબિકા, નવદુર્ગા અને મહાકાળી માતાના મંદિરમાં સવારથી જ મોટી સંખ્યામાં ભક્તજનો દર્શન માટે ઉમટી પડ્યા હતા. મંદિરોમાં ભક્તજનો પૂજાપાઠ કરી મા દુર્ગાની આરાધના કરી હતી.*

### ધરમપુરમાં મહારાષ્ટ્રીયન પરિવારો દ્વારા ગુડી પડવાની ઉજવણી

ધરમપુર: દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ધરમપુરમાં મહારાષ્ટ્રીયન પરિવારો દ્વારા ગુડી પડવાનો તહેવાર ભવ્ય અને આનંદમય વાતાવરણમાં ઉજવાયો હતો. મોટા બજાર, દસોંદી ફળિયું, પ્રભુ ફળિયું, માછીવાડ સહિતના વિસ્તારોમાં વસવાટ કરતા લોકોએ ઉત્સાહપૂર્વક આ તહેવારની ઉજવણી કરી હતી. ગુડી પડવાના દિવસે લીમડાનો રસ પ્રસાદરૂપે લેવાય છે. બપોરે લગભગ 12 વાગ્યે ગુડીને માન-સન્માન સાથે ઉતારી તેની પૂજા કરવામાં આવે છે અને વિશિષ્ટ વાનગીઓનો થાળ ધરાવવામાં આવે છે. આ પ્રસંગે પુરણપોળી, ખીર, ભાત, કુરડઈ-પાપડ, ભજીયા જેવી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવામાં આવે છે.

### ડાંગના તેજસ્વિની સંસ્કૃતિધામ, વાસુર્ણા ખાતે ચૈત્ર નવરાત્રિ મહોત્સવમાં સેવા યજ્ઞ



ગિરીશ ભોયે

સાપુતારા: વાસુર્ણા ગામે ચૈત્ર નવરાત્રિનાં પાવન પ્રસંગે તેજસ્વિની સંસ્કૃતિધામ ખાતે બ્રહ્મવાદિની પૂજ્ય હેતલ દીદી દ્વારા વિશેષ 'મૌન અનુષ્ઠાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અનુષ્ઠાનની વિશેષતા એ છે કે, નવ દિવસ સુધી પૂર્ણ મૌન પાળીને ઈશ્વર આરાધના સાથે જીવદયા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. સુરત ગૌશાળા મંડળના સહયોગથી દરરોજ વહેલી સવારે નિશ્ચિત સ્થળોએ આશરે 200 કિલો બાજરીનો લોટ, 100 કિલો બૂરુંખાંડ, 10 કિલો ઘી, કોપરું અને બિસ્કિટના મિશ્રણ દ્વારા કીડીઓ તથા અન્ય અબોલ જીવ માટે અન્ન અર્પણ કરવામાં આવે છે.

### આશાપુરી માતાજી મંદિરે ઊમટી ભક્તોની ભીડ

નવસારીના દુધિયા તળાવ નજીક આવેલા આશાપુરી માતાજી મંદિર ચૈત્રી નવરાત્રિના પ્રારંભે ભક્તિભાવથી ઓતપ્રોત બની ગયું છે. વહેલી સવારથી જ ભક્તો દર્શન માટે ઉમટી પડતાં મંદિર પરિસર "જય માતાજી"ના જયઘોષથી ગુંજી ઉઠ્યું. આશરે 400 વર્ષ જૂનું આ મંદિર ગાયકવાડી યુગનું ઐતિહાસિક પ્રતિક માનવામાં આવે છે. લોકમાન્યતા મુજબ અહીં માતાજીની મૂર્તિ ચમત્કારિક રીતે પ્રગટ થઈ હતી, જેના કારણે આ સ્થાન વિશેષ પવિત્ર ગણાય છે. ચૈત્રી નવરાત્રિ દરમિયાન વિશેષ પૂજા-અર્ચના, આરતી અને ધાર્મિક કાર્યક્રમો ભક્તિનો અનોખો માહોલ સર્જી રહ્યા છે.

### વાપી કોચરવામાં માતાજીનું ઘટસ્થાપન સાથે ઉજવણી



વાપી: વાપી નજીકના કોચરવા ગામના વડિયાવાડ ફળિયા સ્થિત શ્રી ફલેશ્વર મહાદેવ મંદિર પાસે હરિઓમ મિત્ર મંડળ દ્વારા પરંપરાગત ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરવામાં આવી છે. મંત્રોચ્ચાર સાથે માતાનું ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું ગામના આગેવાન ધીરૂભાઈ પટેલના જણાવ્યા મુજબ, છેલ્લા 39 વર્ષથી ગામમાં આ પરંપરા અવિરત રીતે ચાલુ છે. આંઠમના દિવસે હવન સાથે પૂજાપાઠ યોજાશે.

## કબિલપોરમાં એક જ રાતમાં 7 સ્થળે તાળા તૂટ્યાં

**CCTVમાં** કેદ તસ્કરો કેદ, વિસ્તારના લોકોમાં ભયનો માહોલ

નવસારી: નવસારીના કબિલપોર વિસ્તારમાં તસ્કરો જાણે બેફામ બની ગયા હોય તેમ એક જ રાતમાં સાત જેટલા બંધ મકાનો અને કોમ્પ્લેક્સને નિશાન બનાવતા આખું પંથક હચમચી ગયું છે. તસ્કરોની આ 'નાઈટ ઓપરેશન'એ સ્થાનિકોમાં સુરક્ષાને લઈને ભારે ચિંતા ઊભી કરી છે.

વોર્ડ નંબર 5 હેઠળ આવતાં સાંઈ પ્લાઝા કોમ્પ્લેક્સ, પ્રિયા કોમ્પ્લેક્સ (બાલાજી કરિયાણાની સામે), ગજાનંદ સોસાયટી અને શપથ કોમ્પ્લેક્સ (કબિલપોર કચેરી સામે) સહિતના વિસ્તારોમાં તસ્કરોએ એક પછી એક તાળા તોડી નાખ્યા હતા.

આ સમગ્ર ઘટનાક્રમ નજીકના CCTV કેમેરામાં કેદ થયો છે, જેમાં તસ્કરો નિર્ભય રીતે ફરી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જે પોલીસની હાજરી અને પેટ્રોલિંગ પર સવાલો ઉભા કરે છે.

ચોંકાવનારી વાત એ છે કે સાત સ્થળોને નિશાન બનાવ્યા છતાં તસ્કરોને માત્ર અંદાજે 5000 જેટલી જ રોકડ રકમ મળી હતી. છતાં, તેમની કામ કરવાની રીત અને નિર્ભયતા લોકોના દિલમાં ડર ઊભો કરવા પૂરતી છે. સ્થાનિકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે "જો એક જ રાતમાં સાત જગ્યાએ તાળા તૂટી શકે, તો સુરક્ષા ક્યાં છે?" આ ઘટનાએ નવસારી ગ્રામ્ય પોલીસ માટે સીધી ચેતવણી સમાન સ્થિતિ ઊભી કરી છે. હવે નજર એ વાત પર છે કે પોલીસ આ 'ચોરોના ચેલેન્જ'નો કેવી રીતે જવાબ આપે છે. કારણ કે હાલ તો કબિલપોરમાં રાત પડતા જ ભયનો સાયો ઘેરાઈ રહ્યો છે.